અપીલ અરજી નં.૩૬૭ તા.૩–૧૧ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી કે.એ.ઘીવાલા
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી કે.એ.ઘીવાલાની તા. ૨૫–૮–૧૧ની અરજીથી સેન્ટ્રલઝોનમાં આવેલ મિલ્કત નં.૧૨/૧૩૫૨ વાળી રીપેરીંગ અને બાંધકામને લગતી માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૩–૧૧–૧૧ ની **SMC/FAP/** નં.૩૬૭/૨૦૧૧–૧૨

શ્રી કે.એ.ઘીવાલાની તા. ૨૫–૮–૧૧ની અરજીથી સેન્ટ્રલઝોનમાં આવેલ મિલ્કત નં.૧૨/૧૩૫૨ વાળી રીપેરીંગ અને બાંધકામને લગતી માહિતી આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)ના પત્ર નં. સે.ઝોન / આરટીઆઈ/ આઉટ નં./ ૧૧૭૯ તા. ૩૦–૯–૧૧ થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૩–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા બાકી માહિતી અંગે નકલ સહ વિગત સ્પષ્ટ કરવા** વિશેષતઃ રૂ.૫૦/– ફી ભરવા છતાં નકલ નંગ–૪ નહીં મળ્યાની રજુઆત અંગે હકીકત પણ જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૫૯ તા.૧૨–૧૧–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૫૫૨ તા.૨૧–૧૧–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, ટેના નં.૧૨એ –૧૫ –૦૯૩૧–૦–૦૧૧ ની એસેસમેન્ટની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/ આ.નં.૧૧૭૯ તા.૩૦–૯–૧૧ ના પત્રની નકલ તથા અરજદારને આપેલી દસ્તાવેજ માહિતી અંગે પત્ર નં.એઆરડી/૧૬૮ તા.૨૬–૮–૧૧ ના પત્રની નકલ તથા પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૪૦૯ તા.૨–૧૧–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની ૨૫–૮–૧૧ ની અરજીથી સેન્ટ્રલઝોનમાં આવેલ મિલ્કત નં.૧૨/૧૩૫૨ વાળી રીપેરીંગ અને બાંધકામ બાબતની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૧૭૯ તા.૩૦–૯–૧૧ થી અરજદારને મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી આપવામાં આવેલ. જે અંગે અરજદારે મુદ્દા નં.૫ અંગે રૂા.૪/– તથા મુદ્દા નં.૬ અંગે રૂા.રૂા.૪૬/– કુલ મળી રૂા.૫૦ રસીદ નં.૩૪૨૪૮ સેન્ટ્રલઝોન ખાતે તા.૫–૧૦–૧૧ ના રોજ ભરપાઈ કરેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી એઆરડી/૧૬૮ તા.૨૬–૮–૧૧ થી અરજદારને દસ્તાવેજી માહિતી આપવામાં આવેલ છે. જે અંગે અરજદારે સદર મિલ્કતની રૂા.૪૬/– અંગેની ૨૩ કોપી તા.૧૮–૧૦–૧૧ ના રોજ મોકલેલ હતી પરંતુ રૂા.૪/– ભરેલ નિતી નિયમોની કોપી મુદ્દા નં.૫ માં જણાવ્યા મુજબ મળેલ નહીં હોવાની રજૂઆત કરી તા.૩–૧૧–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૪૦૯ તા.૨–૧૧–૧૧ ના રોજ અરજદારને રીપેરીંગને લગતા ઠરાવની નકલ મોકલવામાં આવેલ છે. (૧) વોર્ડ નં.૧૨/૧૩૫૨ પૈકીમાં આવેલ ટેના નં.૧૨એ –૧૫ –૦૯૩૧ –૦–૦૦૧ માં થયેલ રીપેરીંગ અંગે રીપેરીંગ કરી ગર્ડરચેનલવાળા કરેલ બાંધકામનું માપ પત્રક અમોને મોકલેલ તે મુજબ ૧૨×૧૨ ફુટ , ૫×૮ ફુટ , ૧૫×૧૮ ફુટ તે ટ્રસ્ટના કબ્જામાં આવ્યા અગાઉનું ટેના નં.જેના કબ્જેદાર સરદારખા કાસમખા હતા અને તેનો ટેના નંબર ટ્રસ્ટના કબ્જામાં આવ્યા પહેલાનો ૧૨એ –૧૫ –૦૯૩૧ –૦ –૦૧૧ હતા તેનું રીપેરીંગ કરી ગર્ડર ચેનલવાળુ બાંધકામ કર્યુ છે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વોર્ડ નં.૧૨ નોંધ નં.૧૩૫૨ વાળી મિલ્કતના ટેના નં.૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૧૧ ના ૧૨×૧ ૨, ૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૧૧ ના ૧૨×૧૨,૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૧૪ ના ૫×૮, ૧૨એ–૧૫–૦૯૩૧ –૦–૦૨૨ ના ૧૫×૧૮ ના માપો ટ્રસ્ટના કબ્જામાં ટેના નં.૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૦૧ માં સામેલ કર્યા છે તે ટ્રસ્ટના કબ્જામાં આવ્યા પહેલા રીપેરીંગ કરી ગર્ડર ચેનલવાળુ બાંધકામ થયેલ જણાતું નથી. તેવું જણાવેલછે. મુદ્દા નં.(૨) અમોને મોકલેલ માપ પત્રકમાં જણાવેલ માપ ૧૨×૧૨ ફુટ , ૫×૮ ફુટ , ૧૫×૧૮ ફુટ જે ૧–૪–૦૭ ની અસરથી રેકર્ડ ઉપર રીપેરીંગ કરી ગર્ડર ચેનલવાળુ બાંધકામ દાખલ કરેલ છે. આ રીપેરીંગ કરવાની પરમીશન (મંજુરી રજી.) માંગતી અરજી તા.૨૭–૩–૦૮ ના રોજ આવેલ હતી? તા.૨૭–૩–૦૮ ની અરજીમાં લખેલ છે કે રીપેરીંગ કરવાનું છે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સેન્ટ્રલઝોનનાઉપલબ્ધ રેકર્ડ જોતાં રીપેરીંગ કરવાની જાણ કરતી અરજી તા.૨૭–૩–૦૮ ના રોજ અપાવેલ હતી જેમાં રીપેરીંગ કરવાનું છે તેમ લખેલ છે. તેવું જણાવેલ છે.(૩) ૧૨એ–૧૫–૦૯૩૧ –૦–૦૦૧ માં આશરે ૨૩ ટેનામેન્ટમાંથી કયા નંબરનું ટેનામેન્ટ

રીપેરીંગ કરી ગર્ડર ચેનલવાળુ ૧૨×૧૨ ફુટ , ૫×૮ ફુટ , ૧૫×૧૮ ફુટનું પાકુ બાંધકામ કરી બનાવેલ છે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મિલ્કત ટેના નં.૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૦૧ નું ગર્ડર ચેનલવાળુ બાંધકામ કરેલ છે તેના જુના મિલ્કત ટેના નં. ૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૧૧, ૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૧૪ અને ૧૨એ–૧ ૫–૦૯૩૧–૦–૦૨૨ છે. તેવું જણાવેલ છે. (૪) અમોને આપના ધ્વારા ૧૨/૧૩૫૨ માં રીપેરીંગ કરી ૩ રૂમો ગર્ડર ચેનલવાળા થયેલ બાંધકામ અંગે તા.૨૪–૨–૧૦ સર્વેયર સાહેબ બોર્ડ નં.૧૨ નો રીપોર્ટ મોકલેલ તે રીપોર્ટના અનુ નં.૨ જણાવ્યું છે કે સદર જગ્યાએ કાચા બાંધકામને રીપેરીંગ કરવામાં આવેલ છે અને ગર્ડર ચેનલવાળુ બાંધકામ કરેલ છે તેનો ટેના નં. ૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૦૧ છે તો ૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૦૧ માં આવેલો આશરે ૨૩ ટેનામેન્ટોમાંથી આ આવેલ ટેનામેન્ટો પૈકીમાં કયો ટેનામેન્ટ રીપેરીંગ કરી ગર્ડર ચેનલવાળુ રીપરીંગ કરેલ છે. કઈ તારીખે રીપેરીંગ કર્યુ છે? રીપેરીંગ થયાની જાણ કરતી અરજી નહી પણ રીપેરીંગની મંજુરી માંગતી અરજી કઈ તારીખે આવી? તે અંગે વોર્ડ નં.૧૨એ નોંધ નં.૧૩૫૨ વાળી મિલ્કતમાં રીપેરીંગ કરી ગર્ડર ચેનલવાળુ બાંધકામ મિલ્કત ટેના નં.૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૦૧ ઉપર થયેલ જણાય છે. તેવું જાહેર માહિતી અધિકારીએ જણાવેલ છે. (૫) સુરત શહેરની હદમાં કાચા બાંધકામને પાકુ ગર્ડર ચેનલવાળુ રીપેરીંગ કરવું હોય તો રીપેરીંગ કરતાં અગાઉ શહેર વિકાસ વિભાગની મંજુરી લેવી પડે? ( આ માહિતી સ્વયં જાહેર કરવા યોગ્ય માહિતી છે તેથી માહિતી આપશો) તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર બાબતે જણાવવાનું કે સા.સ. ઠ. નં.૨૩, તા.૧૯–૪–૭૯ થી સામાન્ય પ્રકારના નાના કામો માટે નીતિ નિયમો નકકી કરેલ છે. જેની નકલના રૂા.૪/– ભરપાઈ કેથી મળી શકશે. તેવું જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એઆરડી/૧૬૮ તા.૨૬–૮–૧૧ થી રસીદ નં.૩૪૨૪૮ તા.૫–૧૦–૧૧ થી મુદ્દા નં.૬ માં જણાવ્યા મુજબના અરજદારે નાણા ભરપાઈ કરતાં પાર્ટી સ્ટેટસના પાના નંગ–૨૩ અરજદારને આપવામાં આવેલ છે. (૬) વોર્ડ નં.૧૨/ ૧ ૩૫૨ પૈકીમાં આવેલ ટેના નં.૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૦૧ થી ૧૦, ૦૧૨,૦૧૩,૦૧૬, ૦૧૭, ૦૧૮, ૦૧૯,૦૨૧ ,૦૨૩,૦૨૪,૦૨૯ થી ૦૩૨ થી નોંધાયેલ હાલના કબ્જેદારના નામ જણાવશો. એટલે કે આ બધા ટેનામેન્ટ ના વપરાશ વસવાટ કર્તા ના નામો અને તેમની સામે તેના ટેનામેન્ટ નંબરો ની માહિતી આપશો. (કબ્જેદારના નામ અને ટેનામેન્ટ નંબરો) તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વોર્ડ નં.૧૨ નોંધ નં.૧૩૫૨ પૈકીવાળા મિલ્કતમાં નં.૧૨એ–૧ ૫–૦૯૩૧–૦–૦૦૧ થી ૧૦, ૦૧૨,૦૧૩,૦૧૬ થી ૦૧૯,૦૨૧,૦૨૩,૦૨૪,૦૨૯ થી ૦૩૨ ના હાલના કબ્જેદારશ્રીની માહિતી બાબતે પાર્ટી સ્ટેટસ પાના નંગ–૨૩ ના રૂા.૪૬/– ભર્યેથી ઉપલબ્ધ થઈ શકશે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૬ માં જણાવેલ નાણાની રકમ અરજદારે રસીદ નં.૩૪૨૪૮ તા.૫–૧૦–૧૧ થી ભરપાઈ કરેલ હોવાથી રીપેરીંગને લગતા ઠરાવની નકલ પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૪૦૯ તા.૨–૧૧–૧૧ ના રોજ મોકલ્યાનું જણાવેલ છે. (૭) વોર્ડ નં.૧૨/૧૩૫૨ પૈકીમાં તા.૧–૮–૦૬ થી લઈને આજ દિન સુધીમાં રીપેરીંગ થયેલા ટેનામેન્ટોના નંબરો, રીપેરીંગ થયાની તારીખ અને રીપેરીંગ કરવાની મંજુરી માંગતી અરજી કોના ધ્વારા આવી હતી અને કઈ તારીખે આવી હતી તેની માહિતી આરટીઆઈ એકટ હેઠળ ઉપલબ્ધ કરાવવા નમ્ર અરજ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સ ેન્ટ્રલઝોનનો ઉપલબ્ધ રેકર્ડ જોતાં ટેના નં.૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૦૧ માં રીપેરીંગ ની જાણ કરતી અરજી તા.૨૭–૩–૦૮ ના રોજ સૈયદ સાબીયા અબ્બાસ ધ્વારા કરવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. આમ અરજદારની અપીલ મુદ્દા નં.૫ માં રીપેરીંગને લગતા ઠરાવની કોપી મુદ્દા નં.૫ માં જણાવ્યા મુજબ નહીં મળ્યા બાબતેની છે. જે જાહેર માહિતી અધિકારી તરફથી સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૪૦૯ તા.૨–૧૧–૧૧ થી પૂરી પાડવામાં આવેલ હોઈ અપીલ અંગે કોઈ વિશેષ કાર્યવાહી કરવાની રહેતી નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૫–૮–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(એસ.એન. મહેતા)
ડે.કમિશ્નર (ફા.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી કે.એ.ઘીવાલા,